જામકંડોરણામા જન્માષ્ટમીની શોભાયાત્રા નીકળી

જામકંડોરણામાં જન્માષ્ટમીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી વિઠ્ઠલભાઈ હંસરાજભાઈ રાદડિયા ચેરીટેબલ ટ્રસ્ટ તથા શ્રી વૃજ વલ્લભ સોશ્યલ ગ્રૂપ દ્વારા આયોજીત ભવ્ય અને વિશાળ શોભાયાત્રા વાજતે ગાજતે નીકળી હતી ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાએ રામ મંદિરે દર્શન કરી શ્રીફળ વધેરી શોભાયાત્રાનો શુભારંભ કરાવ્યો હતો

10 SANDESH : RAJKOT TUESDAY, 08•09•2026

સંદેશ સૌરાષ્ટ્ર આવૃત્તિ

★ E-mail : editorial.rajkot@sandesh.com

અમરેલી ૯૭૨૬૭ ૪૪૩૭૬ | સાવરકુંડલા ૨૪૩૩૪૩ | બગસરા ૭૦૯૬૬ ૭૦૦૦૮ | ધારી ૯૯૧૩૦ ૬૯૧૧૫ | વાંકાનેર ૮૨૦૦૦૪૬૬૫ | ચોટીલા ૯૮૨૫૫ ૮૦૯૫૮ | મોરબી ૨૨૧૧૩૩ | જેતપુર ૯૮૯૮૪ ૧૩૧૧૨ | ગોંડલ | ધોરાજી | ઉપલેટા | રાજુલા | જસદણ

સાતમ-આઠમની રજાઓ માણીને ઘરે પરત ફરતા લોકો હાઈવે પર કલાકો અટવાયા

ગોંડલ-રાજકોટ હાઈવે ઉપર મહા-ટ્રાફિક જામ

મૂશ્કેલી ટ્રાફિકની ભારે ભીડમાં ઈમરજન્સી સેવા આપતી એક એમ્બ્યુલન્સ પણ ફસાઈ ગઈ

| ગોંડલ |

ફોટો:જીતેન્દ્ર આચાર્ય

ગોંડલ-રાજકોટ નેશનલ હાઈવે પર રવિવાર મોડી સાંજે ટ્રાફિક જામની ગંભીર સમસ્યા સર્જાઈ હતી. સાતમ-આઠમના તહેવારોની રજાઓ માણીને મોટી સંખ્યામાં લોકો પોતાના ઘરે પરત ફરી રહ્યા હોવાથી હાઈવે પર વાહનોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. જેના કારણે નેશનલ હાઈવે પર આવેલી ઉમવાડા ચોકડી, આશાપુરા ચોકડી અને ભોજપરા ચોકડી સહિતના વિસ્તારોમાં જ્યાં જુઓ ત્યાં માત્ર વાહનોની લાંબી કતારો જ નજરે પડી રહી હતી. રજાઓ પૂરી કરીને પરત ફરતા પરિવારો કલાકો સુધી આ મહા-ટ્રાફિક જામમાં ફસાયા હતા અને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

ચક્કાજામ એટલો વિકટ હતો કે ઈમરજન્સી સેવા આપતી એક એમ્બ્યુલન્સ પણ તેમાં ફસાઈ ગઈ હતી. વાહનોની ભારે ભીડ અને અટકી ગયેલા ટ્રાફિક વચ્ચે એમ્બ્યુલન્સને પણ આગળ વધવા માટે રસ્તો મળી રહ્યો ન હતો. આવી સ્થિતિમાં દર્દીના જીવ પર જોખમ તોળાઈ શકે તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. હાઈવે પર કાર, ટ્રક અને અન્ય ભારે વાહનોની અવરજવર સંપૂર્ણપણે થંભી જતા લોકો રસ્તા વચ્ચે અટવાઈ પડ્યા હતા.

પાંચ થી આઠ કિલોમીટરો સુધી લાગેલી વાહનોની કતારો અને ટ્રાફિકને હળવો કરવો એ તંત્ર માટે મોટો પડકાર બની ગયો હતો. અફરાતફરીના માહોલ વચ્ચે ટ્રાફિકને પૂર્વવત કરવો એ સ્થાનિક તેમજ હાઈવે ટ્રાફિક પોલીસ અને TRB જવાનો માટે એક કપરી પરીક્ષા સાબિત થઈ હતી. પોલીસ કાફલા અને TRB જવાનોએ ઘટનાસ્થળે દોડી જઈને વાહનવ્યવહારને રાબેતા મુજબ કરવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

નબળા ચોમાસાના કારણે પાણી વગર મુરઝાતો પાક

સૌની યોજનાનું પાણી ભાદર ડેમમાં ઠાલવી ખેડૂતોને બે પાણ આપવા માંગ

જેતપુર તાલુકા કોંગ્રેસ સમિતિનું મામલતદારને આવેદનપત્ર

| જેતપુર |

સૌરાષ્ટ્રમાં નબળા ચોમાસાને કારણે ખેડૂતોનો પાક પાણી વગર મૂરજાવા લાગ્યો છે. હવે વરસાદની પણ કોઈ શક્યતા દેખાતી નથી ત્યારે મુરજાતા પાકને બે પાણ મળી જાય તો ખેડૂતોનો ચોમાસું પાક સફળ થઈ જાય. આ સ્થિતિ નજરે રાખી જેતપુર કોંગ્રેસ સમિતિ દ્વારા સૌની યોજનાનું પાણી ભાદર ડેમમાં ઠાલવી ખેડૂતોને બે પાણ આપવાની માંગ કરી હતી.

જેતપુરમાં આજે કોંગ્રેસ સમિતિ દ્વારા તાલુકા સેવાસદન ખાતે મામલતદારને એક આવેદનપત્ર આપીને રજૂઆત કરેલ છે કે, સૌરાષ્ટ્રમાં ખેડૂતોનો પાક એસી ટકા જેટલો પાકી ગયો છે અને છેલ્લા એક મહિનાથી છાંટો વરસાદ પણ વરસ્યો ન હોવાથી ખેડૂતો માટે ચિંતાજનક સ્થિતિ સર્જાણી છે. વરસાદ રોકાઈ જતાં હાલ ખેતરોમાં ઊભેલા મગફળી, કપાસ અને સોયાબીન જેવા મહત્વના રોકડિયા પાકોને બચાવવા માટે તાત્કાલિક છેલ્લે બે પાણની ભારે જરૂરિયાત ઊભી થઈ છે. ખેતરોમાં રહેલ બોર, કુવામાં હાલની સ્થિતિમાં ડુકી ગયા હોય તેમા પણ પાણી આવતું ન હોવાથી સિંચાઈ માટે પાણી ક્યાંથી કાઢવું ? જો આ સમયે પાણી નહીં મળે તો મોંઘા બિયારણ, ખાતર અને મજૂરીનો તમામ ખર્ચ માથે પડશે અને પાક સંપૂર્ણપણે બળીને ખાખ થઈ જશે, જેનાથી મોઢે આવેલો કોળિયો છીનવાઈ જવાની પૂરેપૂરી શક્યતા છે. કોંગ્રેસ દ્વારા ભાદર ડેમમાંથી સિંચાઈ માટે બે પાણ આપવાની માંગ કરવામાં આવી છે. જ્યારે ભાદર ડેમની વાત કરીએ તો ડેમ ૩૪ ફૂટની કુલ સપાટી અને ૬૬૪૮ એમસીએફટીની જળસંગ્રહ ક્ષમતા ધરાવતા ભાદર ડેમમાં હાલ માત્ર ૧૭.૨૧ ફૂટ પાણી બચ્યું છે, જે ટકાવારીની દ્રષ્ટિએ માંડ ૨૧ ટકા જેટલું જ થવા જાય છે.

CHANGE OF NAME

I HEREBY SOLEMNLY DECLARE THAT MY NAME HAS BEEN OFFICIALLY CHANGED FROM DHOREEYANI RUPESH RAJNIKANTBHAI TO DHOREEYANI RUPESH RAJNIKANT KINDLY TAKE NOTE ON THESE CHANGES.

DHOREEYANI RUPESH RAJNIKANT
Add. Ghutu, Ta. Morbi, Dist. Morbi - 363641

નામ બદલાવેલ છે

આથી અમો સોગંદપુર્વક જણાવીએ છીએ કે અમારા પુત્રનું જુનું નામ મારવાણીયા રજીત જિતેન્દ્ર હતુ. તે બદલાવીને નવું નામ મારવણીયા રજીત જીતેન્દ્રભાઈ રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

મારવણીયા જીતેન્દ્ર મનસુખભાઈ
મારવણીયા વિજયાબેન જીતેન્દ્રભાઈ
સરનામુ :- ઉમીયાનગર-૧, રવાપર, મોરબી, મોરબી, ગુજરાત - ૩૬૩૬૪૧

99130 53249

:: જાહેર નોટીસ ::

આથી તમામને જાણ કરવામાં આવે છે કે રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના કાગદડી ગામના રેવન્યુ સર્વે નં.-૧૨૭/૧ પૈકી ૨ ની જમીન હે. ૧-૭૩-૦૦ પ્રતિ આરે ચો.મી. ના ક્ષેત્રફળવાળી જમીનના માલિક પટેલ મગનભાઈ મોહનભાઈ સાખે સંખાવરા પાસે થી (૧) હેમતભાઈ મનજીભાઈ ગોસરા વીગેરે એ રજી. દસ્તાવેજ નં. ૨૯૫૪ તા. ૨૮/૦૮/૨૦૨૦ થી ખરીદ કરેલ જેની નોંધ ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૭૯૫૦ થી થયેલ છે. જે જમીન વેચાણ અન્વયે મગનભાઈ મોહનભાઈ સાખે સંખાવરા ના વારસદારો (૧) ગૌરીબેન મગનભાઈ સંખાવરા (પત્ની), (૨) ભૂમીબેન મગનભાઈ સંખાવરા (પુત્રી), (૩) ધ્રુવ મગનભાઈ સંખાવરા (પુત્ર) નાઓએ વેચાણ અંગેની સંમતિ આપેલ છે. પરંતુ મગનભાઈ મોહનભાઈ સંખાવરાનો વારસાઈ આંબો રજુ થયેલ નથી આથી મગનભાઈ મોહનભાઈ સંખાવરા ના ઉપરોક્ત દર્શાવ્યા સીવાયના અન્ય કોઈ વારસદાર હોય તો વારસાઈ આંબો દિવસ-૧૫ રજુ કરવા સર્વે ને જાણ કરવામાં આવે છે. હાલ રેવન્યુ સર્વે નં.-૧૨૭/૧ પૈકી ૨ ની જમીન હે. ૧-૭૩-૦૦ પ્રતિ આરે ચો.મી. ના ક્ષેત્રફળવાળી જમીનના માલીક (૧) નિલેશભાઈ નાનજીભાઈ (૨) અશોકભાઈ કરશનભાઈ કેફર છે.

ઉપરોક્ત વર્ણનવાળી સર્વે નંબરવાળી ખેતીની જમીન અમોના અસીલ ખરીદ કરવા માંગતા હોય તેમજ તે જમીન અંગે કોઈનો કોઈ પણ પ્રકારનો વાંધો, તકરાર હોય કે કોઈનો હક, હિત, હિસ્સો, લાગ-ભાગ, કે દર-દાવો, વારસાઈ હક હોય કે બાકી લેણું હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દીવસ (૧૫) પંદરમાં લેખીત આધાર પુરાવા સહિત નીચેના સરનામે અમોને જાણ કરવી જો ઉપરોક્ત મુદતમાં કોઈના પણ તરફથી વાંધા-તકરાર આવશે નહીં તો કોઈને વાંધો નથી અને હોય તો જતા કરેલ છે તેમ સમજીને સદરહું ઉપરોક્ત જમીનનો મારા અસીલ વેચાણ દસ્તાવેજ કરી લેશે અને તેનો કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઈના વાંધા-તકરાર ચાલશે નહીં તેની સર્વેએ નોંધ લેવી.

સ્થળ : ટંકારા, તા. ૦૮/૦૯/૨૦૨૬
(અસીલની સુચનાથી)

અરવિંદ એમ. છત્રોલા • પિયુષ ડી. ભટાસણા (એડવોકેટ)

સરનામુ : દુકાન નં.૭, ગુરૂકૃપા કોમ્પલેક્ષ, મોરબી-રાજકોટ હાઈવે, પોલીસ ચોકી સામે, ટંકારા, તા.ટંકારા
મો. ૯૫૮૬૪ ૯૯૮૪૪ • ૯૭૨૭૬ ૩૧૭૭૬

-: જાહેર નોટીસ :-

અમો **વિપુલ એમ. જેઠલોજા - એડવોકેટ** મોરબી તે લાગતા-વળગતા તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરી જણાવીએ છીએ કે,

(૧) મોરબી શહેર તાલુકાના **વજેપર** ગામના **રેવન્યુ સર્વે નંબર ૯૮૪** ની કુલ ખેડવાણ જમીન ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.**૦-૭૬-૮૯** વાળી તે **પ્રમોલગેશન નોંધ નં.૧૩૨૪** થી અરજણ નાનજી તથા રવા વિરા ની વિધવા ઓરત બાઈ શાંતિના નામે પ્રમોલેગેટ થયેલી હતી. તે જમીનના આવા બંન્ને સહ માલીકો પૈકી અરજણ નાનજીએ ભાગ જતો કરેલ તે અંગેની **હક્ક કમીની નોંધ નં. ૩૭૨૯** થી પ્રમાણીત થયેલ છે.

(૨) ત્યારબાદ આ જમીન તે બાઈ શાંતિએ તેમના દિકરાઓ જલા રવજી, મનજી રવજી તથા રામજી રવજીને હૈયાતીમાં વહેંચણીથી આપેલ છે તે અંગેની હૈયાતીમાં વહેંચણીની **નોંધ નં. ૩૭૩૦** થી પ્રમાણીત થયેલ છે. અને ત્યારબાદ આવા ત્રણેય સહમાલીકોએ સદરહુ જમીનમાં તેમા વારસદારોના નામો પોતાની હૈયાતીમાં દાખલ કરાવતા, જલા રવજીના વારસો મંજુલાબેન જલાભાઈ વિગેરે-૮ વારસો તેમજ મનજી રવજી ના વારસો દયાબેન મનજી વિગેરે-૧૦ તથા રામજી રવજીના વારસો વાલીબેન રામજી વિગેરે-૧૦ ના નામો આ જમીનમાં **નોંધ નં. ૨૨૨૮૭** થી દાખલ કરવામા આવ્યા.

(૩) ત્યારબાદ આવા તમામ કુલ ૩૧ સહ માલીકો પૈકી શારદાબેન જલાભાઈ વિગેરે-૧૫ આસામીઓએ આ જમીનમાંથી પોતાનો હક્ક ઉઠાવી લીધેલ છે તે અંગેની **હક્કકમીની નોંધ નં.૨૨૭૨૧** થી પ્રમાણીત થયેલ છે. ત્યારબાદ રહેલા સહમાલીકો પૈકી રાજેશ મનજી ચાવડા સગીરમાંથી પુખ્ત થતા, તે અંગેની નોંધ નં. ૨૩૩૬૫ થી પ્રમાણીત થયેલ છે.

(૪) ત્યારબાદ આવા સહ માલીકો પૈકી જલાભાઈ રવજીભાઈ વિગેરે ૬ નાએ સદરહુ જમીન માંહેથી પોતાનો હક્ક જતો કરેલ છે અને તે અંગેની **હક્કકમીની નોંધ નં. ૨૩૪૪૭** થી પ્રમાણીત થયેલ છે.

આમ ઉક્ત લખેલ ઉતરોતરના રેવન્યુ રેકર્ડના ટાઈટલ મુજબ હાલે સદરહુ મોરબી જીલ્લાના મોરબી શહેર તાલુકાના **વજેપર** ગામના રેવન્યુ સર્વે નંબર ૯૮૪ ની કુલ ખેડવાણ જમીન ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.**૦-૭૬-૮૯** વાળી તે **(૧) ભરતભાઈ જલાભાઈ ચાવડા, (૨) અશોકભાઈ જલાભાઈ ચાવડા, (૩) ડાયાભાઈ મનજીભાઈ ચાવડા, (૪) દેવજીભાઈ મનજીભાઈ ચાવડા, (૫) બાલુભાઈ મનજીભાઈ ચાવડા, (૬) કાનજીભાઈ મનજીભાઈ ચાવડા, (૭) નિલેશભાઈ મનજીભાઈ ચાવડા, (૮) વિક્રમભાઈ મનજીભાઈ ચાવડા, (૯) મનસુખભાઈ રામજીભાઈ ચાવડા, (૧૦) રાજેશભાઈ મનજીભાઈ ચાવડા**ના સંયુક્ત ખાતે ખાતા નં.૩૧૫ થી ગામ દફતરે નોંધાયેલ છે. અને ઉકત લખેલ ઉતરોતર ટાઈટલની વિગતે તેમની સંયુક્ત કબજા-ભોગવટા અને માલીકીની મિલકત આવેલી છે. તેમની પાસેથી સદરહુ જમીન **માંહેથી જમીન હે.આરે.ચો.મી.૦-૩૬-૪૨** ના ક્ષેત્રફળની જમીન તે અમારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ આથી આ જાહેર નોટીસ થકી લાગતા-વળગતા તેમજ હીત ધરાવતા તમામ તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરવાની કે સદરહુ મિલ્કત-ખેત જમીન સંબંધે કોઈ વ્યક્તિ, સંસ્થા, પેઢી કે કોઈપણનો કોઈપણ વિગતે હક્ક, અધિકાર, રાઈટસ, માલીકી હોય કે આ મિલ્કત ઉપર અન્ય કોઈ પણ વ્યક્તિ, સંસ્થા કે બેંકનુ કરજ, લીયન, બોજો, લેણુ, ધીરાણ, લોન કે ભરણ-પોષણ, વારસાઈ, ભાગીદારી કે ભાયુભાગ કે કોઈ સોદાખત, મુખત્યારનામુ કે કોઈ પણ પ્રકારના અગ્ર હક્ક કે લખાણો હોય કે કબજા હકક હોય તો તે સંબંધે તેમના લેખીત આધાર પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૧૦ (દશ)** મા નીચે જણાવેલ સરનામે જાણ કરવી. અન્યથા મુદત વિત્યેથી સદરહુ મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ જાતનો વાંધો-તકરાર, હક્ક-હિત, હિસ્સો કે લાગભાગ નથી અને હોય તો પણ તે જતો (WAIVE) કરેલ છે તેમ માની લઈ, ઉક્ત મિલ્કત તે તેના રેકર્ડ ઉપર નોંધાયેલા માલીકોને ધોરણસરનો અવેજ ચુકવી અમારા અસીલ સદરહુ જમીનનો ધોરણસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ એકઝીક્યુટ કરાવી લેશે અને વિધીવત રીતે જમીનનો કબ્જો મેળવી લેશે અને ત્યારબાદના કોઈ પણ વાંધા-તકરાર અમારા અસીલ કે તેમને ખરીદ કરેલ મિલ્કતને કોઈ પણ વિગતે બંધનકર્તા રહેશે નહી તેની આથી જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

મોરબી, તા.૦૭/૦૯/૨૦૨૬ — અસીલોની સુચના અને ફરમાઈસથી:-
અમારા મારફત:-

વિપુલ એમ. જેઠલોજા
મો.૯૪૨૬૨ ૭૧૦૦૦ (એડવોકેટ)
પ્લોટ નં.૧૩, જી.આઈ.ડી.સી.મેઈન રોડ, સંસ્કાર બ્લડ બેંક પાસે, શનાળા રોડ, મોરબી.

જાફરાબાદમાં બીજા પીજીવીસીએલ સબ ડિવિઝનને બદલે ટીંબીમાં કચેરી આપો

| અમરેલી |

જાફરાબાદ તાલુકામાં નવી PGVCL સબ ડિવિઝન ઓફિસ જાફરાબાદ શહેરમાં સ્થાપવાના બદલે ટીંબી ખાતે સ્થાપવામાં આવે તેવી માંગ ઉઠી છે. તાલુકાના વિશાળ ગ્રામ્ય વિસ્તાર અને ૫૪ જેટલા ગામોના ખેડૂતો તથા વીજ ગ્રાહકોને વીજ સેવા મેળવવામાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે ટીંબી ખાતે નવી સબ ડિવિઝન કચેરી શરૂ કરવા મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

જાફરાબાદ તાલુકામાં હાલ PGVCLની કચેરી કાર્યરત છે અને જાફરાબાદ શહેરમાં જ બીજી સબ ડિવિઝન ઓફિસ સ્થાપવાની વિચારણા થઈ રહી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. જોકે, જાફરાબાદ સબ ડિવિઝન હેઠળ હાલમાં આશરે ૫૪ ગામોનો વિશાળ વિસ્તાર આવરી લેવાતો હોવાથી નવી સબ ડિવિઝન કચેરી ટીંબી ખાતે સ્થાપવામાં આવે તો ગ્રામ્ય વિસ્તારના વીજ ગ્રાહકોને વધુ અસરકારક સેવા મળી શકે તેમ છે. ટીંબી શહેર જાફરાબાદ તાલુકાના અનેક ગ્રામ્ય વિસ્તારો માટે ભૌગોલિક રીતે અનુકૂળ અને વ્યૂહાત્મક કેન્દ્ર બની શકે તેમ હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. ટીંબી ખાતે સબ ડિવિઝન ઓફિસ શરૂ કરવામાં આવે તો ટીંબી તથા આસપાસના ગામોના ખેડૂતો અને વીજ ગ્રાહકોને વીજળી સંબંધિત કામગીરી માટે જાફરાબાદ સુધી લાંબું અંતર કાપવાની જરૂર નહીં રહે. ખાસ કરીને ખેતીવાડી વીજ જોડાણ, વીજ ફોલ્ટ, વીજ પુરવઠામાં વિક્ષેપ, ટ્રાન્સફોર્મર તથા વીજ લાઈનમાં ખામી સર્જાય તેવા સંજોગોમાં સ્થાનિક કચેરી અને જરૂરી સ્ટાફ ઉપલબ્ધ હોય તો ફોલ્ટ શોધી ઝડપથી સમારકામની કામગીરી હાથ ધરી શકાય. તેના કારણે ખેડૂતોને સમયસર વીજ પુરવઠો મળી રહેવાની સાથે વીજ સમસ્યાઓના ઝડપી નિરાકરણમાં પણ મદદ મળી શકે તેમ છે. આ મુદ્દે જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂ દ્વારા મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે.

જેતપુરના ખીરસરા ગામે શ્રાવણ માસની ઉજવણી

જેતપુર: રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના ખીરસરા ગામની સીમ વિસ્તારમાં કુદરતી વાતાવરણ વચ્ચે આવેલું પ્રાચીન શ્રી દૂધેશ્વર મહાદેવ મંદિર વર્ષોથી શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું મહત્વનું કેન્દ્ર રહ્યું છે. શ્રાવણ માસના પ્રારંભથી જ અહીં ભગવાન દૂધેશ્વર મહાદેવના દર્શન અને પૂજા-અર્ચના માટે ભાવિકોની અવરજવર જોવા મળી રહી હતી. ત્યારે શ્રાવણ માસના છેલ્લા સોમવારે વહેલી સવારથી જ મંદિર ખાતે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.

શ્રાવણ માસ દરમિયાન દર સોમવારે દૂધેશ્વર મહાદેવ મંદિર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવે છે. ખીરસરા ગામની મહિલાઓ દ્વારા ધૂન-કીર્તન કરવામાં આવે છે, જ્યારે નાના બાળકો માટે બટુક ભોજનનું પણ આયોજન કરવામાં આવે છે.

:: જાહેર નોટીસ ::

આથી તમામને જાણ કરવામાં આવે છે કે રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકાના કાગદડી ગામના રેવન્યુ સર્વે નં.-૧૨૭/૧ પૈકી ૩ ની જમીન હે. ૧-૭૪-૦૨ પ્રતિ આરે ચો.મી. ના ક્ષેત્રફળવાળી જમીન ના માલીક પટેલ હસમુખભાઈ મોહનભાઈ સાખે સંખાવરા પાસે થી (૧) હેમતભાઈ મનજીભાઈ ગોસરા વીગેરે એ રજી. દસ્તાવેજ નં.૨૯૫૩ તા. ૨૮/૦૮/૨૦૨૦ થી ખરીદ કરેલ જેની નોંધ ગામ નમુના નં. ૬ માં નોંધ નં.૭૯૫૧ થી થયેલ છે. જે જમીન વેચાણ અન્વયે હસમુખભાઈ મોહનભાઈ સાખે સંખાવરા ના વારસદારો (૧) જયશ્રીબેન હસમુખભાઈ સંખાવરા (પત્નિ), (૨) સંજના હસમુખભાઈ સંખાવરા (પુત્રી), (૩) પરમ હસમુખભાઈ સંખાવરા (પુત્ર) નાઓએ વેચાણ અંગની સમંતી આપેલ છે. પરંતુ હસમુખભાઈ મોહનભાઈ સંખાવરાનો વારસાઈ આંબો રજુ થયેલ નથી આથી હસમુખભાઈ મોહનભાઈ સંખાવરા ના ઉપરોક્ત દર્શાવ્યા સીવાય ના અન્ય કોઈ વારસદાર હોય તો વારસાઈ આંબો દીવસ-૧૫ રજુ કરી જાણ કરવા તથા જો કાઈવાંધા તકરાર હોય તો લેખીત પુરાવા સાથે રજુ કરવા સર્વે ને જાણ કરવામાં આવે છે. હાલ રેવન્યુ સર્વે નં.-૧૨૭/૧ પૈકી ૩ ની જમીન હે. ૧-૭૪-૦૨ પ્રતિ આરે ચો.મી. ના ક્ષેત્રફળવાળી જમીન ના માલિક (૧) નિલેશભાઈ નાનજીભાઈ (૨) અશોકભાઈ કરશનભાઈ કેફર છે.

ઉપરોક્ત વર્ણનવાળી સર્વે નંબરવાળી ખેતીની જમીન અમોના અસીલ ખરીદ કરવા માંગતા હોય તેમજ તે જમીન અંગે કોઈનો કોઈ પણ પ્રકારનો વાંધો, તકરાર હોય કે કોઈનો હક, હીત, હીસ્સો, લાગ-ભાગ, કે દર-દાવો, વારસાઈ હક હોય કે બાકી લેણું હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયે દીવસ (૧૫) પંદરમાં લેખીત આધાર પુરાવા સહીત નીચેના સરનામે અમોને જાણ કરવી જો ઉપરોક્ત મુદતમાં કોઈના પણ તરફથી વાંધા-તકરાર આવશે નહીં તો કોઈને વાંધો નથી અને હોય તો જતા કરેલ છે તેમ સમજીને સદરહું ઉપરોક્ત જમીનનો મારા અસીલ વેચાણ દસ્તાવેજ કરી લેશે અને તેનો કબજો સંભાળી લેશે. ત્યારબાદ કોઈના વાંધા-તકરાર ચાલશે નહીં તેની સર્વોએ નોંધ લેવી.

સ્થળ : ટંકારા, તા. ૦૮/૦૯/૨૦૨૬
(અસીલની સુચનાથી)

અરવિંદ એમ. છત્રોલા • પિયુષ ડી. ભટાસણા (એડવોકેટ)

સરનામુ : દુકાન નં.૭, ગુરૂકૃપા કોમ્પલેક્ષ, મોરબી-રાજકોટ હાઈવે, પોલીસ ચોકી સામે, ટંકારા, તા.ટંકારા
મો. ૯૫૮૬૪ ૯૯૮૪૪ • ૯૭૨૭૬ ૩૧૭૭૬

-: જાહેર નોટીસ :-

અમો **આનંદ એસ. વાઘડીયા - એડવોકેટ** મોરબી તે લાગતા-વળગતા તથા જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ થકી જાણ કરી જણાવીએ છીએ કે, મોરબી જિલ્લાના **ટંકારા** તાલુકાના **બંગાવડી** ગામના **રેવન્યુ સર્વે નંબર ૨૪૦ પૈકી ૧** ની **જમીન હે.આરે.ચો.મી. ૦૮-૭૦-૦૮** ના ક્ષેત્રફળની તે **૧.ભીમજીભાઈ મગનભાઈ મુંદડીયા, ૨. શૈલેષભાઈ મકનભાઈ બાવરવા, ૩. જીતેન્દ્ર લવજીભાઈ લીખીયા, ૪.મુકેશ મગનભાઈ લિખીયા તથા ૫.યોગેશભાઈ ધનજીભાઈ લિખિયા** ની સંયુક્ત માલીકીની અને કબજા-ભોગવટાની આવેલ છે. જે તેમના ખાતે ખાતા નં.૧૧૮૮ થી નોંધાયેલ છે. આ જમીન ઉક્ત માલીકો પાસેથી અમારા અસીલો ખરીદ કરવા માંગે છે.

સબબ આથી આ જાહેર નોટીસ થકી લાગતા વળગતા તેમજ જાહેર જનતાને જાણ કરવાની કે સદરહુ જમીન કે ઉતરોતરની નોંધો સબંધે કે વેચાણ દસ્તાવેજોની સંમતી સંબંધે કે માલીકી હકક પરત્વે કોઈ વ્યક્તિ, સંસ્થા, પેઢી કે કોઈપણનો કોઈપણ વિગતે હક્ક, વારસાઈ હક્ક, અધિકાર, રાઈટસ, માલીકી હોય કે આ મિલ્કત ઉપર અન્ય કોઈ પણ વ્યક્તિ, સંસ્થાનુ કરજ, લીયન, બોજો, લેણુ, ધીરાણ, લોન કે ભાયુભાગ કે કોઈ અગ્ર હક્ક કે કબજા હકક હોય તો તે સંબંધે તેમના લેખીત આધાર પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૭ (સાત)** મા નીચે જણાવેલ સરનામે જાણ કરવી. અન્યથા મુદત વિત્યેથી સદરહુ જમીન પરત્વે કોઈનો કોઈપણ જાતનો વાંધો-તકરાર, હક્ક-હિત, હિસ્સો કે લાગભાગ નથી અને હોય તો પણ તે જતો (WAIVE) કરેલ છે તેમ માની લઈ, ઉક્ત લખ્યા મિલ્કતના માલીકોને ધોરણસરનો અવેજ ચુકવી અમારા અસીલો તેમની પાસેથી ધોરણસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને વિધીવત રીતે મિલ્કતનો કબ્જો મેળવી લેશે અને ત્યારબાદના કોઈ પણ વાંધા-તકરાર અમારા અસીલો કે તેમને ખરીદ કરેલ મિલ્કતને કોઈ પણ વિગતે બંધનકર્તા રહેશે નહી તેની આથી જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

અમારા મારફત:- — અસીલની સુચના અને ફરમાઈસથી:-

આનંદ એસ. વાઘડીયા
તા.૦૭/૦૯/૨૦૨૬ E-mail-patel.anand2010@gmail.com
સ્થળ : મોરબી **મો. ૯૭૨૨૩ ૫૧૩૧૩ (એડવોકેટ)**
હોટલ મનાલી નીચે, નવા બસ સ્ટેન્ડ સામે, શનાળા રોડ, મોરબી.

SBI ભારતીય સ્ટેટ બેંક
સ્ટ્રેસ્ડ એસેટ્સ રીકવરી શાખા : પહેલો માળ, એસબીઆઈ જીમખાના રોડ શાખા, જવાહર રોડ, ત્રિકોણ બાગ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૧

સરફેસી એક્ટ પરિશિષ્ટ-૪ એ હેઠળ સ્થાવર મિલકતો ની વેચાણ નોટિસ (જુઓ નિયમ ૮ (૬) ની જોગવાઈ)

ઈ-હરાજી વેચાણ નોટીસ તારીખ ૨૪.૦૯.૨૦૨૬

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ **સ્થાવર** મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ, જે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨) ના નિયમ ૮(૬) ની જોગવાઈ વંચાણે લેતા. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તા (ઓ) અને જામીનદાર (રો) ને નોટિસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ **સ્થાવર** મિલકતો સુરક્ષિત લેણદારને ગીરવે મુકેલ/ ચાર્જ કરવામાં આવી છે, જેનો **ભારતીય સ્ટેટ બેંક** સુરક્ષિત લેણદારના અધિકૃત અધિકારી દ્વારા **પ્રત્યક્ષ કબજો** (નીચેના કોષ્ટક મુજબ) લેવામાં આવ્યો છે, તે સુરક્ષિત લેણદારને બાકી રકમની વસુલાત માટે **તા. ૨૪.૦૯.૨૦૨૬ ના રોજ "જ્યાં છે, જેમ છે, જે કાંઈ છે ના આધારે"** ના ધોરણે વેચવામાં આવશે.

ક્રમ નં.	મિલકતનું વર્ણન	વસુલવાપાત્ર લેણી રકમ	કબજાનો પ્રકાર/ તારીખ	ઉધારકર્તા/ જામીનદારોના નામ	ટાઈટલ ડીડ હોલ્ડરના નામ	અનામત કિંમત/ ઈએમડી/ બીડની વધારાની રકમ	નિરીક્ષણની તારીખ અને સમય
૧	**ઔદ્યોગિક મિલકત :** જે પ્લોટ નં. ૭ પૈકી, રેવન્યુ સર્વે નં. ૮૦૦/૪ પૈકી, વાસુકી ઉદ્યોગનગર, સામાકાંઠે, જેતપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટ રોડ, પ્રકાશ ચોક, રબારીકા ચોકડી પાસે, નેશનલ હાઈવે - ૨૭ તરફ (જેતપુર - ગોંડલ રોડ), તાલુકો : જેતપુર, જી. રાજકોટ ખાતે સ્થિત છે. (Property ID : SBIN200026804863)	તા. ૨૫.૦૪.૨૦૨૩ ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ રૂા. ૬૫,૦૫,૩૨૦.૭૭ + તેના ઉપરનું વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ વગેરે. બાદ રીકવરી રકમ, જો હોય તો	પ્રત્યક્ષ કબજો (૧૭.૧૨.૨૦૨૩)	મે. શ્રી બાબા રામદેવ ટેક્ષટાઈલ	મે. શ્રી બાબા રામદેવ ટેક્ષટાઈલ	રૂા. ૬૦,૦૦,૦૦૦ ----- રૂા. ૬,૦૦,૦૦૦ ----- રૂા. ૨૫,૦૦૦	૧૪.૦૯.૨૦૨૬ બપોરે ૧.૦૦ થી બપોરે ૦૨.૦૦

ઈ-હરાજીની તારીખ અને સમય : ૨૪.૦૯.૨૦૨૬ સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ કલાક સુધી - પ્રત્યકે ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત, "ઈચ્છુક બિડરો રસ ધરાવતા ઉમેદવારો ભાગ લેવા માટેના પત્ર/ કેવાયસી દસ્તાવેજ/ ઈએમડી પ્રુફ નો પુરાવો ઈ-ઓકશન બંધ થાય તે પહેલા BAANKNET.COM (PSB Alliance) માં પ્રિ-બીડ EMD જમા કરાવી શકે છે. બિડરને BAANKNET.COM બેંક ખાતામાં ચુકવણી પ્રાપ્ત થયા પછી અને ઈ-હરાજી વેબસાઈટમાં આવી માહિતી અપડેટ કર્યા પછી જ પ્રી-બિડ EMD ની ક્રેડિટ આપવામાં આવશે. બેંકીંગ પ્રક્રિયા મુજબ આમાં થોડો સમય લાગી શકે છે અને તેથી બિડર્સને, તેમના હિતમાં, કોઈપણ છેલ્લી ઘડીની સમસ્યાને ટાળવા માટે પ્રિ-બિડ EMD રકમ અગાઉથી સબમિટ કરવાની સલાહ આપવામાં આવે છે".

તમામ મિલકતો માટેના અધિકૃત અધિકારી : શ્રી અરવિંદ કુમાર ઓઝા : મોબાઈલ નંબર ૯૦૦૬૩ ૮૧૨૩૬
વિગતો માટે સંપર્ક કરો - શ્રી જયંત મરાઠે : મોબાઈલ નંબર ૭૦૨૮૭ ૮૯૮૮૨

નિયમો અને શરતો : હરાજી અમારી - ઓન-લાઈન પોર્ટલ https://baanknet.com **પર છે. ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર** M/s. PSB Alliance Pvt. Ltd. **દ્વારા કરવામાં આવશે, જેની રજિસ્ટર્ડ ઓફિસ, ચોથો માળ, મેટ્રો હાઉસ, મહાત્મા ગાંધી રોડ, ધોબી તળાવ, ન્યૂ મરીન લાઈન્સ પાસે, મુંબઈ-૪૦૦૦૨૦ (હેલ્પડેસ્ક નંબર્સ +૯૧૮૨૯૧૨ ૨૦૨૨૦) વેબપોર્ટલ** https://baanknet.com **પર છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ ક્રેડિટર વેબસાઈટ** https://sbi.bank.in/web/sbi-in-the-news/auction-notices/bank-e-auctions **માં આપેલી લિંકનો સંદર્ભ લો.**

સરફેસી એક્ટ - ૨૦૦૨ અન્વયે ૧૫ દિવસની સ્ટેચ્યુટરી વેચાણ અંગેની નોટિસ

(૧) ઉધારકર્તા/ જામીનદારોને ઉપરોક્ત ઉલ્લેખિત રકમ હરાજીની તારીખ પહેલાં ચૂકવી દેવાની સૂચના આપવામાં આવે છે, જો તે નિષ્ફળ જશે તો મિલ્કતોની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ જો કોઈ હોય તો તેમની પાસેથી વ્યાજ અને ખર્ચ સાથે કાનૂની રીતે વસુલ કરવામાં આવશે. (૨) જો આવી વિચારણા માટે જમા થયેલી અથવા ચૂકવવામાં આવેલી રકમની કુલ રકમ રૂા. ૫૦ લાખ કે તેથી વધુ હોય, તો કલમ 194-1-A હેઠળ લાગુ પડતા TDS ચૂકવવાની જવાબદારી સફળ બિડરની રહેશે. Form 26QB ભરીને TDS ઓનલાઈન ફાઈલ કરવો જોઈએ અને Form 16B માં TDS પ્રમાણપત્ર જારી કરવું જોઈએ. ખરીદનાર એ ઈ-હરાજીના ૧૫ દિવસની અંદર સરકારી ખાતામાં આવકવેરો જમા કરાવ્યો હોવાનો પુરાવો રજૂ કરવાનો રહેશે. (૩) બિડીંગની રકમ પર લાગુ પડતો GST બિડર દ્વારા ભોગવવાનો રહેશે.

તારીખ : ૦૮.૦૯.૨૦૨૬, સ્થળ : રાજકોટ — (નોંધ : વાદ-વિવાદના કિસ્સામાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ જાહેરાત માન્ય ગણાશે) — સહી/- અધિકૃત અધિકારી, ભારતીય સ્ટેટ બેંક, રાજકોટ